Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

–:કાર્યવાહી:–

એકેડેમિક કાઉન્સિલની સભા **સોમવાર,તા.૨૬/૦૭/૨૦૨૧** નાં રોજ બપોરે ૧.૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓનલાઈન / ઓફલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

ક્રમ નં.	સભ્યશ્રીઓના નામ	હાજરી
(૧)	ડૉ. કિશોરસિંહ એન. ચાવડા**(માનનીય કુલપતિશ્રી)**	હાજર
(૨)	ડૉ. હેમાલીબેન એ. દેસાઈ	હાજર
(૩)	ડૉ. જયદીપ ચૌધરી	હાજર
(૪)	ડૉ. અજય નટવરલાલ પટેલ	ગેરહાજર
(૫)	ડૉ. વિજયકુમાર જોષી	હાજર
(૬)	ડૉ. સ્નેહલ કે. જોષી	હાજર
(૭)	ડૉ. દિલીપ એલ. વરસાણી	હાજર

(૧) એકેડેમિકકાઉન્સિલની **તા.૨૦–૦૭–૨૦૨૧**ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૦–૦૭–૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાંઆવી હતી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.**

(૨) યુનિવર્સિટીમાં ઓન ડિમાન્ડ ઓન એકઝામની પોલીસી અંગેના સેનેટ સભ્યશ્રીના તા.૦૭–૦૭–૨૦૨૧ના પત્ર પર સિન્ડીકેટની તા.૦૯–૦૭–૨૦૨૧ની બાબત ક્રમાંક : ૪૭ થી નીચે મુજબ ઠરાવેલ છે.

: : " આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં ઓન ડિમાન્ડ ઓન એકઝામની પોલીસી અંગેના સેનેટ સભ્યશ્રીના તા.૦૭–૦૭–૨૦૨૧ના પત્રનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો."

સદર ઠરાવ મુજબ સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ હોય, આ અંગે કયારે, કઈ રીતે, કયા ઘારા ઘોરણે, કયા સંજોગોમાં અને કયા સમય પત્રક મુજબ પરીક્ષાઓ લઈ શકાય સદર બાબત એકેડેમિક કાઉન્સિલની તા.૨૦–૭–૨૦૨૧ની બાબત ક્રમાંક : ૧૨ થી નીચે મુજબ ઠરાવેલ છે.

: : " આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત આગામી એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

સદર ઠરાવ મુજબ આ અંગે કયારે, કઈ રીતે, કયા ઘારા–ઘોરણે, કયા સંજોગોમાં અને કયા સમય પત્રક મુજબ પરીક્ષાઓ લઈ શકાય સદર બાબતે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઓન ડિમાન્ડ પરીક્ષાની બાબતમાં તેની વ્યવહારિકતા, તે અંગેનું માળખું, ઘારાધોરણો નકકી કરવા માટે એક સમિતિનું ગઠન કરવું. તેમજ આ સમિતિની રચના કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

(૩) **શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ ની ૨૯ મી જુલાઈ માસથી ચાલુ થતી ઓફલાઈન ટી.વાય.બી.કોમ. (એમ.એ./એમ.કોમ. પાર્ટ–૨) ની એક્ષટર્નલ પરીક્ષાઓ પૈકી એમ.કોમ. પાર્ટ–૨ ની પરીક્ષા આપવા માટે ભાવેશભાઈ રબારીએ ફોર્મ ભરેલ ફોર્મ ઉપર વિચારણા કરવા તા. ૨૦/૦૭/૨૦૨૧ ના રોજની એકેડેમિક કાઉન્સિલની સભામાં મૂકવામાં આવેલ હતું. જેમાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત આગામી એકેડેમિક કાઉન્સિલની સભા સમક્ષ રજૂ કરવી.**

ઉપરોકત થયેલ ઠરાવને ધ્યાનમાં લઈ આ બાબતને આગામી એકેડેમિક કાઉન્સિલની સભામાં રીફરબેક કરી ફેરવિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/એક્ષટર્નલ યુનિટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કેસમાં પરીક્ષા નજીક હોય વિદ્યાર્થીના હીતમાં પરીક્ષાનું ફોર્મ સ્વીકારવું. તેમજ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા મંજૂરી આપવા ભલામણ છે. સદર વિદ્યાર્થીના પરીક્ષાનું પરીણામ જાહેર ન કરવું તથા આ બાબતે સિન્ડિકેટના અંતિમ નિર્ણય આવ્યેથી પરીણામ જાહેર કરવાનું રહેશે.**

(૪) બી.સી.એ. સેમેસ્ટર –૨ અને ૪ માં વિદ્યાર્થીઓનુ પરીણામ (MBP) મુજબ જાહેર કવાનુ થાય છે. તેમજ AC ના ૧૨–૦૭–૨૦૨૧ના ઠરાવ મુજબ એ.ટી.કે.ટી. વાળા વિદ્યાર્થીઓની પરીક્ષા તા.૨૯/૦૭/૨૦૨૧થી લેવાનુ જણાવેલ છે. મેરિટ બેઝડ પ્રમોશનનું પરિણામ જાહેર કરવાનું હતું. અને ટુંકો સમયગાળો હોવાથી કાર્યાલયની તારીખઃ–૧૩–૦૭–૨૦૨૧ પર મળેલ મા.કુલપતિશ્રીના આદેશનુસાર સદર પરિક્ષાઓ ઓગસ્ટ માસમાં લેવી તેવુ નકકી કરેલ હોય મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..
જે બાબતે વિચારણા કરવા બાબત..

(પરીક્ષા વિભાગ/સાયન્સ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતે નિર્ણય લેવાય ગયેલ હોવાથી તે અંગે કાર્યવાહી કરવાની થતી નથી.**

(૫) **સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતમાં અભ્યાસ કરેલ વિધાર્થી ચૌધરી આલોક સોપાનનાં બી.ઈ. આઠમા સેમેસ્ટરના D.L.O. ના પરિણામ બાબતે આવક નં.૧૩૩૫૫, તા.૦૧/૦૭/૨૦૨૧ ની અરજી**અન્વયે જણાવવાનું કે SCET Collegeમાંથી પોતાની ભૂલ સ્વીકારીને ઈન્ટર્નલ માર્કસ ૧૫ જ હતા. તે ફરીથી મોકલાવેલ છે. SCET College નું હવે VNSGU સાથે જોડાણ નથી. અને કમિટિનો રિપોર્ટ મળતો નથી. કમિટિ મેમ્બર પાસે રિપોર્ટની બીજી ઝેરોક્ષ નકલ પણ નથી. આ સંજોગોમાં વિધાર્થીનીતા.૦૧/૦૭/૨૦૨૧ની અરજી સંદર્ભે નિર્ણય લેવાનો થાય કે તેને Software Engineering (Practical) Exam માં ફરીથી બેસાડવાની મંજૂરી આપવી કે કેમ ? વિધાર્થીએ છેલ્લી પરીક્ષા ડિસેમ્બર–૨૦૧૦, સીટ નં. ૮૦૪૦૦૧ થી આપેલ હતી. Software Engineering (Practical) ની પરીક્ષા ફરી લેવાની વિનંતી સંદર્ભે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા/સાયન્સ/બી.એન્જીનીયરીંગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,વિદ્યાર્થીના ભવિષ્યને ધ્યાને લેતા વિદ્યાર્થીની Software Engineering (Practical) ની પરીક્ષા ફરી લેવાની વિનંતી ગ્રાહય રાખવી. પરીક્ષા લેવાનું આયોજન વિદ્યાર્થીની માતૃસંસ્થાએ કરવાનું રહેશે. તેમજ વિદ્યાર્થી માટે આ છેલ્લી અને અંતિમ તક રહેશે.આ અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(૬) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૦૨૨ દરમ્યાન ઈન્ટરનલ પરીક્ષાના માળખા અંગે વિચારણા કરવા બાબત.
(પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૦૨૧ દરમ્યાન નિર્ધારિત કરેલ આંતરિક મૂલ્યાંકનનું માળખું શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૦૨૨ ના પ્રથમ સત્ર દરમ્યાન યથાવત્ રહેશે.**

(૭) ધી માંડવી એજયુકેશન સોસાયટી સંચાલિત ધી માંડવી એજયુકેશન સોસાયટી કોમર્સ કોલેજ, બસ સ્ટેશન પાસે, માંડવી, સુરતની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૧–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	બી.કોમ. (એક ડિવિઝન) (સ્વનિર્ભર)	નવું જોડાણ	તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨

શરતો :

(૧) કોમર્સ, એકાઉન્ટન્સી તેમજ અર્થશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના આસીસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂંક કરવી. તદ્ઉપરાંત અંગ્રેજી, આકડાંશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર વિષયના અધ્યાપકોની જરૂરીયાત/ કાર્યભાર મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) બી.કોમનો નવો અભ્યાસક્રમ શરૂ કરવાનો હોય. રાજય સરકાર, યુજીસી તેમજ વી.એન.એસ.જી.યુ.ના પ્રર્વતમાન ધારાધોરણ મુજબ ધોરણ અને લાયકાતવાળા શૈક્ષણિક તેમજ બીનશૈક્ષણિક કર્મચારીની ભરતી કરવામાં આવે.

(૩) નિમણૂંક થતા કર્મચારીના સરકારશ્રીના ધારાધોરણ મુજબ બેંક મારફતે પગાર, ભથ્થા નિયમીત ચુકવણી કરવામાં આવે.

(૪) વિદ્યાર્થીઓ માટે નિર્ધારીત કલાસરૂમમાં શૈક્ષણિક વ્યવસ્થા કરવામાં આવે અને તે જાળવવામાં આવે.

(૫) યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ મુજબ ફી નું ધોરણ તેમજ હિસાબી ધોરણ, હિસાબોનું ઓડીટ અલગ બેંક ખાતાનો નિભાવ કરી જાળવણી કરવામાં આવે. અને યુનિવર્સિટી ધ્વારા વખતો વખત નિયત કરવામાં આવે તેમજ હિસાબો, નાણાકિય બાબતો, અન્ય બાબતો રજુ કરવામાં આવે.

(૬) યુનિવર્સિટીના નિયમ મુજબ જોડાણ મળીએથી કુલસચિવશ્રી અને સંચાલક મંડળના ટ્રસ્ટીના સંયુકત નામે નિયમ અનુસારની ડિપોઝિટ કરવામાં આવે.

(૭) યુનિવર્સિટીમાં જમાં કરાવવાની વિવિધ ફી સમયસર જમા કરવામાં આવે. તેમજ યુનિવર્સિટી ની વિવિધ પ્રવૃત્તિમાં વિદ્યર્થીઓ અને અધ્યાપકોની સહભાગી કરવામાં આવે.

(૮) લાઈબ્રેરીમાં વાણિજય સ્નાતકને લગતા ઉપયોગી પુસ્તકો તેમજ કોમર્સ, એકાઉન્ટન્સી, અર્થશાસ્ત્ર, અંગેજી, આંકડાશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર વિષયને લગતી જર્નલ્સ, મેગેઝીન્સ ઉપરાંત દૈનિક અંગ્રેજી તેમજ ગુજરાતી વર્તમાનપત્ર મંગાવવામાં આવે.

(૯) રાજય સરકાર તેમજ યુનિવર્સિટી ધ્વારા વખતો વખત નિયત કરવામાં આવેલ બાબતોનો અમલ કોલેજમાં થાય તે આચાર્યશ્રી, સંચાલક મંડળે સુનિશ્ચિત કરવામાં આવે.

(૧૦) શૈક્ષણિક કાર્ય શરૂ થતા પહેલા ફાયર સેફટી અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૧) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ(૬૯–એ) અને (૬૯–બી)નુ યથાર્થ પાલન કરવામાં આવે.

નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો)

૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૪. ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.

૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.

૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, NEED કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલનો યથાવત્ સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ છે.

(૮) નવયુગ સાયન્સ કોલેજ, રાંદેર રોડ, સુરતની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (મેથેમેટિકસ)(એક ડિવિઝન) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૬–૦૬/૨૧–૦૬–૨૦૨૧ નાં રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૭) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં વર્ષ ૨૦૨૧–૨૨ માટે નવા જોડાણ આપવા કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.એસસી.(મેથેમેટિકસ) (એક ડિવિઝન) (સ્વનિર્ભર)**	**નવું જોડાણ**	તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨ (એક વર્ષ)

શરતો :

૧. સદર સંસ્થાના ગણિતશાસ્ત્ર વિષય (બી.એસસી.) સેમ–૧ થી ૬ સુધીના કાર્યભારને ધ્યાને લેતા એક (૧) આસીસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂંક કરવી.

૨. સરકારશ્રી તરફથી સૈધ્ધાંતિક મંજૂરી મેળવવાની કાર્યવાહી કરવી.

૩. યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ તથા ૬૯–બીનું યર્થાથ પાલન કરવું.

૪. નિમણૂંક પામતા/પામેલ શૈક્ષણિક કર્મચારીઓને સરકારશ્રી/યુજીસી/યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ પગારની ચુકવણી કરવી.

૫. સદર અભ્યાસક્રમના જરૂરી પાઠયપુસ્તકોના ૧૦ (દસ) નકલની ખરીદી કરવી.

<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો)

૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૪. ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.

૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.

૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, NEED કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલનો યથાવત્ સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ છે.

(૯) નેશનલ સ્ટુડન્ટસ યુનિયન ઓફ ઈન્ડિયાના પ્રમુખશ્રી જાદવ અવિનાશ આર.ના પત્રમાં જણાવ્યાં મુજબ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી અમલમાં આવનાર બી.એ.,બી.કોમ., બી.એસસી. અભ્યાસક્રમો માટેના પરીક્ષાના લગતા નિયમો ફેરફાર કરવામાં આવે કારણ કે, ગુ.રાજય સરકાર શિક્ષણ વિભાગ દ્વારા યુજી કક્ષાએ સેમેસ્ટર બે માં મેરીટ બેઇઝ પ્રોગેશન આપવામાં આવ્યું છે. અને અગાઉના સેમેસ્ટર એટલે કે પ્રથમ સેમેસ્ટર અને ઈન્ટરનલ પરીક્ષાના આધારે માર્ક આપવામાં આવશે. તથા યુજી સેમેસ્ટર ચારમાં પણ મેરીટ બેઇઝ પ્રોગેશન આપવામાં આવેલ છે. જેમાં પણ અગાઉના સેમેસ્ટર એટલે ત્રણ અને ઈન્ટરનલ પરીક્ષાના આધારે માર્ક આપવામાં આવશે. સેમેસ્ટર–૧ માં પાંચથી વધુ એટીકેટી આવશે તો મેરિટ બેઇઝ પ્રોગેશન દ્વારા સેમેસ્ટર ૨માં એટીકેટી લાગવાની સંભાવના રહેશે. યુનિવર્સિટીના આધારે તેને કુલ વિષયો પૈકી બે તૃતિયાંશ પાસ કરેલ ન હોય તો ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ લઈ શકશે નહિ તથા સેમેસ્ટર ૩માં એટીકેટી ૫ થી વધુ આવશે તો મેરીટ બેઇઝ પ્રોગેશન દ્વારા સેમેસ્ટર ૫ માં પણ કેટી લાગવાની સંભાવના રહેશે. યુનિવર્સિટીના નિયમ મુજબ પાંચમાં સેમેસ્ટરમાં જવા માટે વિદ્યાર્થીઓએ પ્રથમ અને દ્વિતિય સેમેસ્ટરના તમામ વિષયો પાસ કરેલ હોવા જોઈએ તથા ત્રીજા અને ચોથા સેમેસ્ટરના કુલ વિષયો પૈકી બે તૃતીયાંશ વિષયો પાસ કરેલ હોવા જોઈએ અન્યથા પાંચમાં સેમેસ્ટરમાં પ્રવેશ લઈ શકાશે નહિ. યુનિવર્સિટીના પરિપત્રમાં દર્શાવવામાં આવ્યું.

પુનઃઆપણે રજુઆત કરીએ છીએ ગત વર્ષે કેરી ફોરવર્ડના નિયમના આધારે સેમેસ્ટર–૧–૨ બે તૃતિયાંશ કરતા વધુ વિષયોમાં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓને ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવ્યું હતુ તથા પાંચમાં સેમેસ્ટરમાં જવા માટે વિદ્યાર્થીએ પ્રથમ અને દ્વિતિય સેમેસ્ટરના તમામ વિષયોમાં પાસ કરેલ ન હોય તથા ત્રીજા અને ચોથા સેમેસ્ટરના કુલ વિષયો પૈકી બે તૃતિયાંશ વિષયોમાં પાસ કરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓને પણ ફરી કેરી ફોરવર્ડના નિયમના આધારે પાંચમાં સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવ્યુ હતુ કારણ કે કપરાકાંડમાં યુનિવર્સિટી દ્વારા સંલગ્ન તમામ કોલેજોમાં

ઓનલાઈન શિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટ એનડ્રોઈડ ફોન ન હોય અને નેટવર્કની સમસ્યાના કારણે ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થીઓ વંચિત રહી ગાય હતા. તેથી તેઓને દરેક સેમેસ્ટરમાં એટીકેટી આવેલ હોય તેવોને પણ આગલા સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં ન આવશે તો વિદ્યાર્થીઓ સાથે અન્યાય થશે અને તેઓનું ભાવિ–ભવિષ્ય મૂશ્કેલીમાં મુકાઈ જશે. જેથી તેઓને આ વર્ષે પણ કોરોના કાળની પરિસ્થિતિના કેરી ફોરવર્ડના આધારે તાત્કાલિક પ્રવેશ વિદ્યાર્થીના હિતમાં આપવામાં આવે. સદર બાબતે વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી.ની જુલાઈ ૨૦૨૧ ની ગાઈડલાઈન મુજબ કાર્યવાહી કરવા ભલામણ છે.**

(૧૦) સેનેટ સભ્યશ્રીના તા. ૨૬ જુલાઈ ૨૦૨૧ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે પરીક્ષાની તારીખ બાબત.

(પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ટી.વાય.બી.એસસી. કોમ્પ્યુટર સાયન્સ (સેમ.– ૬) વિદ્યાશાખાના વિષયની પરીક્ષા જે તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ હતી તેને વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓના હિતમાં તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજ ગોઠવવામાં આવે. તેમજ આ બાબતે તમામ સંબધિત કોલેજોને તાત્કાલિક સુચના આપવામાં આવે જેથી દરેક કોલેજ પોતાના વિદ્યાર્થીઓને આ બાબતની જાણ કરી શકે.**

વધુમાં આ ફેરફારનો પરિપત્ર યુનિવર્સિટી વેબસાઈટ અને પ્રેસનોટ ધ્વારા જાહેર કરવામાં આવે. પરીક્ષાનો સમય યથાવત રહેશે.

(૧૧) પરીક્ષા તારીખમાં ફેરફાર બાબતે વિદ્યાર્થીની અરજી અંગે ચર્ચા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ. (સેમ.–૪) વિનયન વિદ્યાશાખાની પરીક્ષા જે તા.૩૧/૦૭/૨૦૨૧ ના રોજ હતી તેને વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓના હિતમાં તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ ગોઠવવામાં આવે. તેમજ આ બાબતે તમામ સંબધિત કોલેજોને તાત્કાલિક સુચના આપવામાં આવે જેથી દરેક કોલેજ પોતાના વિદ્યાર્થીઓને આ બાબતની જાણ કરી શકે.**

વધુમાં આ ફેરફારનો પરિપત્ર યુનિવર્સિટી વેબસાઈટ અને પ્રેસનોટ ધ્વારા જાહેર કરવામાં આવે. પરીક્ષાનો સમય યથાવત રહેશે.

ક્રમાંક : એ/એ.કા./કા.વા./૧૦૮૪૩/૨૦૨૧
તા.૨૬/૦૭/૨૦૨૧

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....